# GREENLAWNS HIGH SCHOOL

MUMBAI - 400036

For the Terminal Examination Year 2023 Time: 2 hrs

Std: VII Sub: Gujarati 2 Lang Date: ______________ Marks: 80

Name:_______________________________________Roll No. ______________

વિભાગ અ

પ્રશ્ન ૧. નીચે આપેલા વિષયો માંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો. (૧૦)
૧. પર્યાવરણ બચાવો
૨. મારા જીવન નો યાદગાર પ્રસંગ
3. મા નો પ્રેમ

પ્રશ્ન ૨. નીચે આપેલા વિષયો માં થી કોઈ પણ એક વિષય પર પત્ર લખો. (૮)
૧. તમારો નાનો ભાઈ શાળા ની કવિતા સ્પર્ધા માં પ્રથમ આવ્યો છે, તેના ઈનામ વિતરણ કાર્યક્રમ માં હાજરી આપવા નાના નાની ને પત્ર લખો.
૨. પુસ્તક નું મહત્વ સમજાવતો પત્ર નાની બહેન ને લખો.

પ્રશ્ન ૩. નીચે આપેલા ગધ્યાખંડ ને આધારે નીચે આપેલા સવાલ ના જવાબ લખો. (૧૦)

મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લા માં પંઢરપુર નામે પ્રખ્યાત તીર્થ ધામ છે ત્યાં ભગવાન વિઠોબા નું મંદિર છે. બાજુ માં ભક્ત પુંડલિક નું પણ નાનું મંદિર છે.

તીર્થ યાત્રા કરનાર શ્રધ્ધાળુઓ ખાસ કરીને દર કાર્તિકી અને અષાઢી એકાદશી ને દિને પંઢરપુર જાય છે. ત્યાં મોટો મેળો ભરાય છે. વિઠોબાના દર્શન સાથે ભક્ત પૂંડલિક ના દર્શન કરી સૌ પાવન બને છે.

પુંડલિક જેમ ભગવાનનો ભક્ત હતો તેમ માતા પિતા નો પણ પરમ સેવક હતો. શ્રાવણ ની જેમ એ પણ માં બાપ ને ઈશ્વરતુલ્ય સમજી સાચા દિલ થી સેવા કરતો એટલે જ તો પ્રભુ એના પર પ્રસન્ન થયા હતા.

કહેવાય છે કે પુંડલિક એ જુવાની માં પોતાના માં બાપ ને દુઃખ આપ્યું હતું. પાછળ થી પોતાની ભૂલ નો ખૂબ પસ્તાવો થયો હતો. એનું પાપ એણે માતા પિતાની સેવા કરી પુણ્ય માં ફેરવી નાખ્યું હતું. એ માં બાપ ની રાત દિવસ ખડે પગે સેવા ચાકરી કરતો થોડા સમય માં તો એની કીર્તિ ચોમેર ફેલાઈ ગઈ. પ્રત્યેક માં બાપ પોતાના દીકરા પુંડલિક જેવા જન્મે એવું ઇચ્છવા લાગ્યા.

ભક્ત પુંડલિકની માતૃ પિતૃ સેવા ની કસોટી કરવા ખુદ ભગવાન એના દ્વારે પધાર્યા. આ સમયે એના માં બાપ ગાઢ નિંદ્રા માં પોઢ્યા હતાં. પુંડલિક તેમની સમીપ બેસી ચરણ ચાંપતો હતો.

ભગવાને એની સમક્ષ આવી દર્શન આપ્યા. સાક્ષાત્ પ્રભુને પોતાને બારણે પધારેલા જોઇ પુંડલિક એ પોતાની જાત ને ધન્ય માની. પ્રભુનો સત્કાર કરવો કેવી રીતે? એ તો વહાલસોયાં માં બાપ ની સેવા કરી રહ્યો હતો, કેમ છોડાય? પુંડલિક એ ત્યાં રહીને જ ભગવાન ને નમન કર્યાં.

પ્રણામ સ્વીકારતા પ્રભુએ કહ્યું, " વત્સ પુંડલિક, માતા પિતાની તારી સાચી સેવા થી હું અત્યંત પ્રસન્ન થયો છું. "

" પ્રભુ, અત્યારે હું મારા માતા પિતાની સેવા કરી રહ્યો છું. તેઓ ગાઢ નિદ્રા માં છે. જો હું પળ વાર માટે અહીં થી ખાસિશ તો એમની ઊંગ ઊડી જશે, માટે આપ મને ક્ષમા કરો. કૃપા કરી, જરા વાર થોભી જાઓ તો સારું. મારા માં બાપ પણ આપના દર્શન કરી કૃતાર્થ બનશે. " પુંડલિક એ નમ્ર વિનંતી કરતા કહ્યું.

એણે બાજુમાં પડેલી ઇંટ ઉપાડી પ્રભુ તરફ સર્કાવતા કહ્યું: " પ્રભુ! લો, આને આસન માની એના પર બિરાજમાન થાઓ. " ભગવાન એ પણ પુંડલિક ની માતૃ પિતૃ ને સેવા નો પ્રત્યક્ષ અનુભવ કર્યો. તેઓ પણ ઇચ્છતા ન હતા કે એના માં બાપ જાગી જાય. તેઓ પ્રસન્ન વદ ને પુંડલિકે આપેલી ઇંટ પર ઊભા રહ્યા.

થોડા સમય બાદ પુંડલિક ની માતા પિતા જાગ્યા. તરત જ એણે ઉથી ને પ્રભુ ને સાષ્ટાંગ પ્રણામ કર્યાં. એના માં બાપ પણ પ્રભુ ના દર્શન કરી ધન્ય થયાં. પુત્ર થકી પોતાને પણ ઈશ્વર ના સાક્ષાત્ દર્શન થયાં તે બદલ તેઓ એ ભગવાન નો આભાર માન્યો.

ઇંટ ને મરાઠી માં ' વિટ ' કહે છે. ભક્ત ના અસીમ પ્રેમ ને વશ થઈ ભગવાન વિટ પર ઊભા રહ્યા. ત્યાર થી એ ' વિઠોબા ' કહેવાયા. આજે પણ પંઢરપુર ના મંદિર માં વિઠોબા ઇંટ પર ઊભા છે. ભગવાન નો ભક્ત પ્રત્યે નો પ્રેમ કેવો ગાઢ હોય તેની તે સાક્ષી પૂરે છે.

પ્રશ્નો.

૧. મહારાષ્ટ્ર નું સૌથી મોટું તીર્થ ધામ કયું છે? એ ક્યાં આવ્યું છે?
૨. પુંડલિક પર ભગવાન શા થી પ્રસન્ન થયા?
૩. પુંડલિક તેની જગ્યાએ થી શા માટે ન ઉઠી શક્યો?
૪. ભગવાન ' વિઠોબા ' શા થી કહેવાયા?
૫. પાંચ સાત વાક્યો માં પુંડલિક નું પરિચય આપો.

પ્રશ્ન ૪. સૂચના પ્રમાણે લખો.

ક. નીચે આપેલા શબ્દો ની લિંગ બદલી લખો. (૧)
૧. કુઆ
૨. પતિ

ખ. નીચે આપેલા શબ્દો ના વચન બદલી લખો. (૧)
૧. બટેટુ
૨. દરવાજો

ગ. કાળ બદલી વાક્ય ફરી લખો. (૧)
૧. દાદા દાદી આવવાના છે. (ભૂતકાળ)

ઘ. વાક્ય માં સંજ્ઞા ઓળખી પ્રકાર લખો. (૨)
૧. ભારત દેશની સીમા પર સેના સજ્જ છે.

ચ. અનુસ્વાર થી થતા અર્થ ના શબ્દ ભેદ લખો. (૧)
૧. ચિતા
૨. ચિંતા

છ. શબ્દ સમૂહ ને બદલે એક શબ્દ લખો. (૧)
૧. જે નકામી રીતે વપરાય તેવું.

જ. ધંધાદારી શબ્દ લખો. (૧)
૧. નાવ ચલાવનાર

ઝ. નીચે આપેલા રૂઢિ પ્રયોગ ના અર્થ લખો. (૪)
૧. કાન ભંભેરવા
૨. નમો નિશાન ના રેહવું
૩. મન ભાંગી જવું
૪. માન્યતા ખોટી પડવી

## વિભાગ બ

પ્રશ્ન ૧. નીચે આપેલા શબ્દો ના અર્થ લખો. (3)
૧. ચાવી
૨. કૃષ્ણ
૩. દર્પણ

પ્રશ્ન ૨. નીચે આપેલા વિરોધી લખો. (3)
૧. વ્યક્તિગત
૨. અણીદાર
૩. આસ્તિક

પ્રશ્ન ૩. નીચે આપેલા શબ્દો ની જોડણી સુધારી ફરી લખો. (3)
૧. શફૂર્થીદયક
૨. નામાંકીત
૩. ફિલદિંગ

પ્રશ્ન ૪. નીચે આપેલા શબ્દો પર થી વાક્ય બનાવો. (3)
૧. કાર્યક્રમ
૨. કાયમ
3. તકલીફ

પ્રશ્ન ૫. નીચે આપેલા વાક્ય કોણ બોલે છે કોને કહે છે. (3)
૧. "બેટા, મારે તારી માફી માંગવી છે."
૨. "ખબર પડી ત્યારે બહુ હસ્યા હશો, નહિ?"
3. "હું બાદશાહને જ જવાબ આપીશ."

પ્રશ્ન ૬. નીચે આપેલા સવાલ ના એક શબ્દ માં જવાબ લખો. (૫)
૧. લેખક ના મતાનુસાર જીવન માં અને ક્રિકેટ માં કેવી રીતે જીવવું જોઇએ?
૨. માખણ થી ગોપીઓ શું છલકાવી દે છે?
3. દીકરાઓ ની વહુઓ કેવી હતી?
૪. કોણ રાસ રમી આવ્યું છે?
૫. ધીરજ રાખી સતત પ્રયત્ન કરવા થી શું મળે?

પ્રશ્ન ૭. નીચે આપેલા સવાલ ના એક બે વાક્યો માં જવાબ લખો. (૫)
૧. જલ કોનો આધાર અને કોનો ધબકાર છે?
૨. બાળક એ બાદશાહ પાસે સૌ પ્રથમ શું મંગાવ્યું? તેમાં શું શોધતો હતો?
3. કિસન ભાઇ એ બચત ની મૂડી સેમાં ખર્ચી નાખી?
૪. કોણ લેખક પર છેડાય છે? શા કારણે?
૫. લોક ગીત એટલે શું?

પ્રશ્ન ૮. નીચે આપેલા સવાલ ના જવાબ વિસ્તાર પૂર્વક લખો. (૯)
૧. માનવ જાતના કેવા વર્તન થી લેખક નું મન ભાંગી જતું? ઉદાહરણ સાથે સમજવો.
૨. કિશન ભાઈ નું પાત્ર લેખન લખો.
3. ' જલ શક્તિ ગીત ' કવિતા દ્વારા આપણને શી સમજ મળે છે?

પ્રશ્ન ૯. નીચે આપેલી કાવ્ય પંક્તિ પૂર્ણ કરો. (૬)
મોર એનું પગલું મૂકે ને માધવ મલકે.....
પછી યમુનાજી બે કાંઠે છલકે.